**ફોજદારી કેસ નં:– ______/______**

**–: <u>આંક–૧ લગત હુકમ :–</u>**

સદરહુ કામે તપાસ કરનાર અમલદારે હાલના આરોપી સામે બોમ્બે પોલીસ એકટની કલમ ૧૨૨(સી) મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. મજકુર હુકમ હાલ સમન્સ પર છે.

મજકુર કેસની હકીકત જોતાં હાલના આરોપીએ કોઈ કોગ્નીઝેબલ ગુનો કરવાના ઈરાદે શકમંદ હાલતમાં મળી આવેલ હોય બી.પી.એકટની કલમ ૧૨૨(સી) મુજબનો ગુનો કરેલ હોય પોલીસ સ્ટેશન દ્રારા એફ.આઈ.આર દાખલ કરી પૂરતી તપાસ કરી ચાર્જશીટ અત્રેની અદાલતમાં મજકુર નંબરથી રજુ કરેલ છે.

ઉપરોકત હકીકતે અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ થતાં સી.આર.પી.સી. કલમ ૧૯૦(૧)(ખ) અંતર્ગત કોગ્નિજન્સ લેવામાં આવેલ છે. પરંતુ સદરહુ કેસનું બારીકાઇથી નિરીક્ષણ કરતાં આરોપી સામે જયારે બી.પી.એકટ ૧૨૨(સી) મુજબની શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય, સદરહુ ગુનો કોગ્નિજેબલ છે કે નોન કોગ્નિ્જેબલ ? તે હકીકત મહત્વની બની જાય છે અને આ બાબતે બોમ્બે પોલીસ એકટની જોગવાઇઓ ઘ્યાને લેતાં કલમ ૬૨માં આ પ્રકારના કિસ્સાઓ બાબતેની કાર્યવાહીની જોગવાઈ કરવામાં આવેલ છે. તે મુજબ જયારે બી.પી.એકટની કલમ ૫૫, ૫૬, ૫૭ કે ૫૭(એ) હેઠળનો કોઈ વ્યકિત વિરુઘ્ઘ આદેશ કરવામાં આવે ત્યારે તેવી વ્યકિતને આદેશ મુજબ જિલ્લાની હદ બહાર મોકલવામાં આવશે અને તે પૂર્વ પરવાનગી વગર તે જિલ્લાની હદમાં દાખલ થઈ શકશે નહીં. અને તે વ્યકિતએ આવા હુકમનો ભંગ કરીને જિલ્લાની હદમાં પ્રવેશ કરે તો પોલીસ બી.પી.એકટની કલમ ૭૨(૨) અંતર્ગત તેવી વ્યકિતને વગર વોરંટે એરેસ્ટ કરી શકશે અને તે રીતે બી.પી.એકટની કલમ ૭૯ જોતાં પોલીસની હાજરીમાં કલમ ૧૧૦, ૧૧૭, ૧૨૫, ૧૩૦ અને ૧૩૧ની સબ કલમ (૧) (૪) અથવા (૫) અને કલમ ૧૩૫ની કલમ (૧) અને કલમ ૩૯ અને ૪૦ના ઓર્ડરના ભંગ બદલના ગુના સબબ કોઈપણ આરોપીની વગર વોરંટે ધરપકડ કરી શકાશે.

આથી ઉપરોકત તમામ જોગવાઈઓ જોતાં બી.પી.એકટની કલમ ૭૨ જોતાં બી.પી.એકટ કલમ ૫૬, ૫૭, ૫૭(એ)ના હુકમના ભંગ બદલ કોઈ આરોપી મળી આવે તો માત્ર

વગર વોરંટે ધરપકડ કરી શકવાના અધિકાર કાયદાએ આપેલા છે. આ સિવાય અન્ય કોઈ જોગવાઈ કોગ્નિજેબલ કે નોનકોગ્નિજેબલ માટે દર્શાવેલ નથી.

હવે જયારે બોમ્બે પોલીસ એકટમાં બી.પી.એકટની કલમ ૧૪૫ કોગ્નિજેબલ કે નોન કોગ્નિજેબલ છે ? તે બાબતે સાયલન્ટ હોય ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો એટલે કે સી.આર.પી.સી. કલમ ૪(૨)ની જોગવાઈ જોતાં સી.આર.પી.સી.ની જોગવાઈઓ લાગુ પાડી શકાય અને સી.આર.પી.સી.માં કોગ્નિજેબલ અને નોન કોગ્નિજેબલ ગુનાની વ્યાખ્યા આપેલ છે, તે જોતાં આઈ.પી.સી.ના ગુનાઓ બાબતે અનુસૂચિ ૧, પાર્ટ–૧ માં જોગવાઈઓ કરેલ છે. જયારે આઈ.પી.સી. સિવાયના અન્ય કાયદાઓના ગુના સબબ સી.આર.પી.સી.ની અનુસૂચિ ૧, પાર્ટ–૨ માં જોગવાઈ કરેલ છે તે મુજબ જે ગુનાની સજા ત્રણ વર્ષ કરતા ઓછી અથવા દંડ અથવા બંને હોય તો તેવા ગુનાઓનો સમાવેશ નોન કોગ્નિજેબલ ગુનાઓમાં કરવામાં આવેલ છે.

હવે બી.પી.એકટ ૧૨૨(સી) ગુનાની સજા જોઈએ તો મહત્તમ સજા કોર્ટ ઉઠતા સુધીની છે અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ જયારે બી.પી.એકટમાં સદર ગુનો કોગ્નિજેબલ હોવા બાબતનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં સી.આર.પી.સી.ની કલમ ૪(૨)ની જોગવાઈઓ ધ્યાને લેતાં સી.આર.પી.સી.ની જોગવાઈઓ લાગુ પાડી શકાય તેમ હોય ને તેથી સી.આર.પી.સી. શિડયુલ ૧, પાર્ટ ૨ ની જોગવાઈઓ ધ્યાને લેતાં અને બી.પી.એકટ ૧૨૨(સી)ના ગુનાની મહતમ સજાને ધ્યાને લેતાં સદર ગુનો નોન કોગ્નિજેબલ ગુનો ગણી શકાય.

હવે બી.પી.એકટની કલમ ૭૨(૨) કે જેમાં બી.પી.એકટ ૧૨૨(સી)ના ગુના બાબતની કાર્યવાહીનો ઉલ્લેખ કરેલ છે અને તે જ રીતે બી.પી.એકટની કલમ ૭૯, ૮૦માં બી.પી.એકટના બીજા ગુનાની કાર્યવાહી દર્શાવેલ છે અને બંનેની કાર્યવાહી એકસરખી છે. બંને જોગવાઈઓમાં માત્ર પોલીસને વગર વોરંટે ધરપકડ કરવાના પાવર્સ આપેલા છે અને તે હકીકતને ટાંકીને નામદાર વડી અદાલતે ક્રિમી.મી.એ.નં. ૧૫૨૨૬/૦૭ કે જે વાઘરી જયોત્સનાબેન ગોવિંદભાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, માત્ર વગર વોરંટ ધરપકડ કરવાના અધિકારથી જ ગુનો બની જતો નથી, અને તેથી તપાસ કરનાર અમલદાર સી.આર.પી.સી.ની કલમ ૧૫૫(૨)ની પરવાનગી સિવાય આવા ગુનામાં તપાસ કરી શકે નહીં અને આવો કોઈ કિસ્સો બને તો પ્રથમ સી.આર.પી.સી.ની કલમ ૨(ડી) મુજબની ફરીયાદ દાખલ કરી કોર્ટ પાસેથી પરવાનગી મેળવ્યા

બાદ જ આગળની તપાસ કરી શકાય અને દેખીતી રીતે જ જયારે સી.આર.પી.સી.ની કલમ– ૧૫૫(૨)ની જોગવાઈઓનો ભંગ થયેલ હોય ત્યારે સમગ્ર ટ્રાયલ દુષિત ગણાય.

વિ.એ.પી.પી.શ્રીને પણ આ બાબતે સાંભળતા તેમના તર્ફે સખત વાંધો ઉઠાવી રજુઆત કરેલ છે કે, બી.પી.એકટ ૧૨૨(સી)નો ગુનો કોગ્નિજેબલ ગણાય અને તે બાબતે તેઓએ અવિનાશ મધુકરનો ૨૭ જુન ૧૯૮૩નો બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો રજુ કરેલ છે, તે પણ માનસહ વંચાણે લેતાં તેના પેરા (૧૦)ની હકીકતે નામદાર કોર્ટનું ફાઈનલ કન્કલુઝન નથી અને ફાઈનલ કન્કલુજન જોતાં બી.પી.એકટ ૧૨૪ના ગુનાને નોન કોગ્નિજેબલ ગણવામાં આવેલ છે, અને તેથી વિધ્વાન એ.પી.પી.શ્રીનો વાંધો ઉપરોકત તમામ ચુકાદાઓની સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટના વાઘરી જયોત્સનાબેનના ચુકાદાને આધીન ગ્રાહય રાખવામાં આવતો નથી. તે જ રીતે અન્ય ચુકાદાઓ જોઈએ તો ૨૦૦૦(૦)(ક્રિ.લો.જ.) શિવાનંદ ગિરધર નાયક વિરુધ્ધ સિનિયર ઈન્સ્પેકટર ઓફ પોલીસ તથા પાઉલરાજ જોસેફ નદર વિ. ભાવેનો નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો કે જેમાં અવિનાશના ચુકાદાને ટાંકીને નામદાર બોમ્બે હાઈકોર્ટ બી.પી.એકટ કલમ ૭૨ની ચર્ચા કરી બી.પી.એકટની કલમ ૩૩(૧)(ડબલ્યુ)ની સાથે કલમ ૧૩૧ વાંચતા તે ગુના નોન કોગ્નિજેબલ હોવાનું તારણ આપેલ છે.

આમ, ઉપરોકત સમગ્ર કેસ લો તથા બી.પી.એકટની કલમ ૬૨, ૬૬, ૭૨, ૭૯, ૮૦ની સાથે સાથે સી.આર.પી.સી.ની કલમ ૪(૨) અને અનુસૂચિ ૧, પાર્ટ ૨ વંચાણે લેતાં બી.પી.એકટની કલમ ૧૨૨(સી) મુજબનો ગુનો નોન કોગ્નિજેબલ હોવાનું નિર્વિવાદપણે ફલિત થાય છે, અને જયારે ગુનો નોન કોગ્નિજેબલ હોય ત્યારે ત.ક.અમલદારે સી.આર.પી.સી.ની કલમ ૨(ડી) મુજબ લેખિત ફરીયાદ કરી સી.આર.પી.સી.ની કલમ ૧૫૫(૨) મુજબ કોર્ટની પરવાનગીથી આગળની તપાસ કરવી જોઈએ જે હાથ પરના કેસમાં થયેલ જણાતું નથી અને ત.ક.અમલદારે સ્ટેટવે સી.આર.પી.સી. કલમ ૧૫૪ મુજબનો પ્રથમ બાતમી અહેવાલ નોંધ આગળની તપાસ કરેલ હોય જે પ્રથમ દર્શનીય રીતે જ સમગ્ર કાયદાને દુષિત બનાવતી હોઈ અને કાયદાની આદેશાત્મક જોગવાઈઓનું પાલન થયેલ ન હોય સદર કામ સી.આર.પી.સી. કલમ ૧૫૫(૨)થી સંપૂર્ણપણે બાધિત થવાનું ફલિત થતું હોય સબબ કામ લગત નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છુ.

**–: : હુકમ :: –**

સદરહુ કેસની કાર્યવાહી સી.આર.પી.સી.ની કલમ ૧૫૫(૨)થી બાધિત હોય ફરીયાદીને કાયદા મુજબના યોગ્ય પગલાં લેવાની છુટ સાથે હાલની કાર્યવાહી સી.આર.પી.સી. કલમ ૨૫૮ અંતર્ગત ડ્રોપ કરવાનો હુકમ કરું છુ.

આ હુકમ આજ રોજ તા.૧૦–૦૭–૨૦૨૧ ના રોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૦–૦૭–૨૦૨૧
વડોદરા.

**( રાજીવ ઈન્દરસેન ચોપરા )**
જયુડી. મેજી.ફ.ક. પ્રથમ કોર્ટ વડોદરા.
કોડ નં. જી.જે.–૦૦૭૬૫